નં/સ્ટેમ્પ/કયદ/૨૫૦/૦૫ / ૩૭૪૦

સુપ્રી.ઓફ.સ્ટેમ્પ્સશ્રીનીકચેરી
સ્ટેમ્પ અને નોંધણી ભવન
સેકટર–૧૩– સી "ખ" રોડ,
ગાંધીનગર
તાઃ–૩૧/૫/૦૬

**વંચાણમાં લીધુ :** મહેસુલ વિભાગનો પત્ર ક્રમાંકઃએસટીપી–૧૦૨૦૦૫/૨૩૨૭–હ–૧ તા.૨૨–૧૧–૨૦૦૫

**પ રિ પ ત્ર :–**

ગાંધીનગર જિલ્લામાં પાયલોટ પ્રોજેકટના ધોરણે નોંધણી અર્થે રજુ થતાં દસ્તાવેજમાં રાજય સરકાર ધ્વારા સંદર્ભવાળા પત્ર અન્વયે સ્ટેમ્પ ડયુટી તથા રજીસ્ટ્રેશન ફી ની રકમ સ્ટેમ્પ / સ્ટેમ્પ પેપરને બદલે ચલણ ધ્વારા ભરપાઈ કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. સદર પ્રથાનો ગાંધીનગર જિલ્લામાં તા.૨૨–૫–૨૦૦૬ થી અમલ શરુ કરવામાં આવેલ છે.

આ સંદર્ભમાં ફ્રેન્કીગ મશીનથી જાહેર જનતાને સ્ટેમ્પ ડયુટી ભરપાઈ કરવા માટે અધિકૃત કરવામાં આવેલ બેકોને આથી સુચના આપવામાં આવે છે કે તેઓની પાસે ફ્રેન્કીગ અર્થે રજુ થતા દસ્તાવેજો પૈકી જે દસ્તાવેજો ગાંધીનગર જિલ્લાની ગાંધીનગર, કલોલ, માણસા કે દહેગામ સબ રજીસ્ટ્રાર કચેરીમાં નોંધણી અર્થે રજુ થવાના હોય તેવા દસ્તાવેજો ઉપર ફ્રેન્કીગ મશીનથી સ્ટેમ્પ ડયુટી ભરપાઈ કરી શકાશે નહી. આ બાબતે ફ્રેન્કીગ અર્થે દસ્તાવેજ રજુ કરનાર પક્ષકાર પાસેથી દસ્તાવેજ નોંધણી અર્થે ગાંધીનગર જીલ્લાની સબ રજીસ્ટ્રાર કચેરીમાં રજુ કરવાનો છે કે કેમ? તેની પૃચ્છા કરવાની રહેશે અને ગાંધીનગર જીલ્લાની ઉકત સબ રજીસ્ટ્રાર કચેરીઓ પાસે નોંધણી અર્થે દસ્તાવેજ રજુ કરવાનો થતો ન હોય તો જ દસ્તાવેજ ઉપર ફ્રેન્કીગ કરી આપવાનું રહેશે. આ અંગેનું જરુરી બોર્ડ બેકોએ તેઓનાં અધિકૃત તમામ શાખાઓ ખાતે જાહેર જનતાને સ્પષ્ટ દેખાય તે રીતે મુકવાનું રહેશે. તેમજ ઉકત સુચનાનુ ચુસ્તતાથી પાલન કરવાનું રહેશે.

(સહી)
અધિક સુપ્રી.ઓફ સ્ટેમ્પ્સ
ગુજરાત રાજય,ગાંધીનગર

પ્રતિ,
(૧) અધિકૃત તમામ બેંકો તરફ

........................

નકલ રવાનાઃ
(૧) અધિક સુપ્રી.ઓફ સ્ટેમ્પ્સશ્રી ,ગાંધીનગર
(૨) નાયબ નોંધણી સર નિરીક્ષકશ્રી ગુ.રા.ગાંધીનગર
(૩) ના. કલે.શ્રી સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર ગાંધીનગર
(૪) આસી.સુપ્રી.ઓફ સ્ટેમ્પ્સશ્રી લા.દ. અપના બજાર અમદાવાદ
(૫) ચીફ ઈન્સ્પેકટર ઓફ સ્ટેમ્પ્સ , સ્ટેમ્પ / મુલ્યાંકન ,ગાંધીનગર
૩૧૫૦૬

pmmakwana

S.O. file